શ્રીમાન સરદાર શેઠ લાલભાઈ

વિરહ.

તથા

જીવનચરિત્ર.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર

કવિ શિવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.

અમદાવાદ—ગોમતીપુર.

પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦. સને ૧૯૧૨.

અમદાવાદ—ખાડીઆ હિતેચ્છુ પ્રેસમાં હરિપ્રસાદ પિતાંબરદાસ મહેતાએ પોતાના મકાનમાં છાપ્યું.

કીમત સવા આનો.

॥श्री अरिहंताय नमः॥

સરદાર શેઠ લાલભાઇ દલપતભાઇ વિરહ.

તથા

જીવનચરિત્ર.

પદ—રાગ ગરબી.

"ફેરી ફૈયર જેનો કંથડો (હાંરે) તેનાં પૂરણ પાપ. એ રાગ.

શેઠ લાલભાઇ સ્વર્ગે વસ્યા, (હાંરે) સખાવતી સરદાર;
દાના દલપતભાઇ શેઠના, કુળદીપક કુમાર. શેઠ૦ ટેક.

કુટુંબી નગરશેઠનારે, કૃપાળુ કહેવાય;
સમસ્ત શ્રાવક સંઘમાં, માનાકારી મનાય. શેઠ૦ ૧

દીલગીર જેથી દેશીએ રે, રાણા રાજા વજીર;
ઠાકોર નવાબો ઠામ ઠામના, હીંદુ ઇસ્લામ અમીર. શેઠ૦ ૨

સુજ્ઞ સાહેબો પારસીરે, વડા શેઠો વણીક;
અઢાર વર્ણો એકંદરે, અફસોસ કરે અધિક. શેઠ૦ ૩

ઓચીંતો યસી શેઠનોરે, કુડો હવો આ કાળ;
સાંભળી જન સમુદાયને, પડી પેટમાં ફાળ. શેઠ૦ ૪

રૂસ્તમજી વકીલને બંગલેરે, ગયા સાનગીરી પ્રસંગ;
વળતાં દરદ હવું છાતીએ, હવો રંગમાં ભંગ. શેઠ૦ ૫

પરોપકારી પરવર્યારે, સારી વરી સાબાશ;
દેશ અને વિદેશમાં, કરી કીર્તિ પ્રકાશ. શેઠ૦ ૬

આગળ શેઠ સીધાવીયારે, સર્વોપરી સુજાન;
તેમને સંભાર્યા નથી, વદી વિરહ બયાન. શેઠ૦ ૭

પરંતુ સરદાર શેઠજીરે, હવા મેહની મશહુર;
સાબાશી સારી મેળવી, ઈંગ્રેજોની હજુર. શેઠ૦ ૮
દીલ્લીના દરબારમાંરે, ઇનાયત હવા ઈલ્કાબ;
શેનશાહ બ્રિટીશ સરકારથી, ગણી ગૃહસ્થ ગુલાબ. શેઠ૦ ૯
સર્વમાન્ય સરદાર શેઠનેરે, મોટું દેઇ સમાન;
દબદબાદાર દરબારમાં, પ્રેમે કીધો પરીધાન. શેઠ૦ ૧૦
શ્વેતાંબરી વિગેરે સંઘનારે, લાગણી ધરી સુઉર;
વિદેશો વિશે ઉચર્યા, યુરોપીની હજુર. શેઠ૦ ૧૧
સમેતશીખરે સંચર્યારે, ઝગડા ચુકવવા કાજ;
ડેપ્યુટેશનમાં હાના શેઠજી, જાણી જૈનોની દાઝ. શેઠ૦ ૧૨
પતાવવા પાલીતાણે ગયારે, મુડકા કેરી તકરાર.
અમુક રકમ આપવી કરી, દીલાશીને દરબાર. શેઠ૦ ૧૩
સાહેબોના સામા અડીરે, કરી કેટી સવાલ;
ફતેહમંદ હવા ફાંકડા, બાહોશ બુદ્ધિ વિશાળ. શેઠ૦ ૧૪
ચુકે ન તેવા ચુકવ્યારે, કજીયા ઈંગ્રેજો સાથ;
સાબાશી વર્યા સંઘમાં, ભરી બળીયાથી બાથ. શેઠ૦ ૧૫
વિગેરે કામો કર્યાં સંઘનારે, પરવરી દુર પ્રદેશ;
જબર લાગણી રાખી જૈનની, અધિક કર્યાં ઉપદેશ શેઠ૦ ૧૬
જૈનોનો તારો ઝળકતોરે, અરે હોવાથી અસ્ત;
ઉદાર હવો બહુ ઉરમાંરે, શ્રાવક સંઘ સમસ્ત. શેઠ૦ ૧૭
જૈનોમાં જરતી ઉપજ્યારે, ધર્મધુરંધર ધીર;
ખંત રાખી દીલે ખરીરે, કામો કીધાં અકસીર. શેઠ૦ ૧૮
દેશ અને વિદેશમાંરે, મોટું મેળવ્યું માન;
જેથી કરીને જેમનું, વદાય વિરહ બયાન. શેઠ૦ ૧૯
મહાન રાજા વીર પુરૂષોનીરે, ખોટ ખલકમાં ખુબ;

જેમાં આ જસની સીધાવીયા, માન્યકારી મહેુણ્ગ. શેઠ૦ ૨૦
ક્ષાઇફ લાલભાઇ શેઠનીરે, લખવા લાયક જરૂર;
હોવાથી અલ્પ આળેખ્યું, અતી ઉદાશ ઉર. શેઠ૦ ૨૧
હરિફદારને હોંશીલારે, ઉપજ્યા પર્મઉદાર;
સરદાર શેઠ જેવા સૃષ્ટિમાં, થયા નહી થાનાર. શેઠ૦ ૨૨
સગાં કુટુંબી સર્વેનારે, તોડી સબળ સનેહ;
છાતી તે કેરા દર્દથી, મોંઘી મુકી સુદેહ. શેઠ૦ ૨૩
નગરશેઠ મણિભાઇ તણોરે, વિસર્યો ન વિયોગ;
શેઠ જેશંગભાઇ હઠીસંગનો, તેમાં બન્યો સંયોગ. શેઠ૦ ૨૪
અકાળ મૃત્યુ સાંભળીરે, ઉપજ્યો કમકમાટ;
કાયા વિશે હર કોઇને, ઘણો કથલાયો ઘાટ. શેઠ. ૨૫
અફસોસ ઓગણ પચાસમારે, હવો કુડો આ કાળ;
શોકજનક સર્વે હવા, વૃદ્ધ જુવાન બાળ. શેઠ૦ ૨૬
મધ્યમ વયે મુકી ચાલીયારે, વડો વટ વહેવાર;
જસ કીરતિ કરી જકતમાં, રૂડે રાજ દરબાર. શેઠ૦ ૨૭
જેની જસ કીરતી જકતમાંરે, તેને સ્વર્ગમાં સુખ;
સત શાસ્ત્રો માંહે ભાખીયું, શ્રીહરીએ સ્વમુખ. શેઠ૦ ૨૮
પરોપકારી કામો કરીરે, શેઠ સ્વર્ગ મોઝાર;
આવ્યા છે મહાસસ્વી, જેથી દેશો ઓદ્ધાર. શેઠ૦ ૨૯
એમના આત્માને ઉપજોરે, સુખ શાંતી ભરપુર;
શિવલાલ કહે આ સંચર્યું, ક્રોડ વસા કોહીનુંર. શેઠ૦ ૩૦
પથ્થર તો ફાટી પડેરે, વિધ વિધ કેરા વિલાપ;
સુંદરીયો ના સાંભળી, સોક જનક સંતાપ. શેઠ૦ ૩૧
કાન કઠણ છે ઘણારે, સાંભળી સહન થાય;
આંખ અતિશે કુમળી, તેણે જોયુ ન જાય. શેઠ૦ ૩૨

દીલાસા પત્રો દેશો દેશનાંરે, આવ્યાં અપરંપાર;
દલગીરો દીલાસા ભર્યાં, તવંગરોના તાર. શેઠ૦ ૩૩
મણિભાઇ શેઠ પર મોકલ્યાંરે, અત્યંત અસરકાર;
સરદાર બહાદુરનો સર્વે શેહેરમાં, વડો વટ વેપાર. શેઠ૦ ૩૪
ઓગણીસે અડસઠનીરે, શોકજનક હવી સાલ;
સરદાર વિચરતાં સ્વર્ગમાં, વિશ્વમાં થઇ વિકાળ. શેઠ૦ ૩૫
વાળ્યું તે મનડું ન વળેરે, હેતુ રહે ન હાથ;
સોકજનક હવો શેહેરનો, સદ્‌ગૃસ્થોનો સાથ. શેઠ૦ ૩૬
સરદાર શેઠજી સંચર્યારે, જાણનાર દેશની દાજ;
અફસોસ હવા અધિકારીઓ, સકળ રાજ સમાજ. શેઠ૦ ૩૭
જોડી મળે નહિ જેમનીરે, આ જક્ત મોઝાર;
શીવલાલ કહે કંઇ શોધતાં, ગયા ગુણભંડાર. શેઠ૦ ૩૮

વિરહ સંતાપ.

"તારૂં ગોકુળ જોવાને આવ્યરે, મથુરાંનારે વાસી." એ રાગ.

ગયા લાલભાઇ શેઠ સરદારરે, પુણ્ય પ્રભા પ્રકાશી;
ઘણા હરીફદાર હોંશીયારરે, ફરે હવી ઉદાસી. ગયા૦ ટેક.
શોક જનક બીના સાંભળીરે, દેશ અને વિદેશ;
અફસોસ કરે સહુ અધિપતીરે, સુજ્ઞસાહેબ નવાબો નરેશરે. પુ૦
મુંબઇના માતબર શેઠીયારે, દાના હવા દીલગીર;
શ્રાવક સમસ્ત સંઘનારે હિંદુ ઇસ્લામી અમીરરે. પુણ્ય૦ ૨
અલબેલા અમદાવાદમાંરે, અફસોસ હવો અપાર;
શોકનો સિંધુ રેલીઓરે, સૌ હાટે પડી હડતાલરે. પુણ્ય૦ ૨

શોકજનક હવો શહેરનોરે, સમસ્ત શ્રાવક સંઘ;
અફસોસ સૌ અમીરો હવારે, જોઇજ રંગમાં ભંગરે. પુણ્ય૦ ૪
સમશાને સૌ આવીયારે, વડેરો કરી વિશાદ;
સદ્ગૃહસ્થો સર્વે કોમનારે, મોટી માની મર્યાદરે. પુણ્ય૦ ૫
સંતાપ કરનાર સમસ્તનારે, લાયક નામો લખાય;
અફસોસ કરનાર અમીરનારે, માન્યકારી મોટા મનાયરે. પુણ્ય૦ ૬
ઉદાસ હવા બહુ ઉમદારે, નગરશેઠ નીરવાણ;
શેઠ ચમનભાઇ લાલભાઇરે, શેઠ કસ્તુરભાઇ સુજાણરે. પુણ્ય૦ ૭
દીલગીર હવા બહુ દીલમાંરે, શેઠ મણીભાઇ જેશંગભાઇ;
ઉભય વીરે આલમ વિશેરે, છટાદાર કીરતી છાઇરે. પુણ્ય૦ ૮
મશહુર મગનભાઇ શેઠનારે, શેઠ પરશોતમભાઇ પુણ્યવાન;
વિગેરે વાડીના શેઠીયારે, સુપ્રસિદ્ધ સુજાનરે. પુણ્ય૦ ૯
વળી ઉમાભાઇ શેઠનારે, કુળદીપક કાળીદાસ;
આખું કુટુંબ એમનુંરે, અધિક હવું ઉદાસરે. પુણ્ય૦ ૧૦
શેઠ લલુભાઇ રાયજીરે, શેઠ ચંદુલાલ કેશવ કુમાર;
ઘણુંકરી તે ગ્રહસ્થનોરે, અફસોસ હવો પરિવારરે. પુણ્ય૦ ૧૧
શોકજનક હવા સખાવતીરે, મશહુર શેઠ મનસુખભાઇ;
ભવ્ય ભાગી ભગુભાઈ શેઠનારે, શેઠ જમનાભાઈ સુખદાઇરે પુણ્ય૦
શેઠ વિરચંદશાહ સી.આઇ.ઇ.તણારે, ભવ્ય ભાગી શેઠ ભોગીલાલ;
શેઠ અમ્રતલાલ ઉમદારે, શેઠ લાલભાઇ ત્રિકમલાલરે. પુણ્ય૦ ૧૩
શેઠ મગનભાઇ કરમચંદનારે, શેઠ અંબાલાલ સારાભાઇ;
સાબાશી સારી વરીરે, વરી વડીજ વડાઇરે. પુણ્ય૦ ૧૪
ઉદાસ હવા વસ્તી ઉરમાંરે, શેઠ નથુભાઇ દોલતચંદ;
મહાજન કેરા પ્રાણીનેરે, પરવરી પમાડે પરમાનંદરે. પુન્ય૦ ૧૫
અફસોસ અધિકારી ઉજળારે, શેઠ આશારામ દલીચંદ;

વકીલ હરિલાલ એગનારે, ફોરદાર મોટા ફરજંદરે. પુન્ય૦ ૧૬
પારસી કુળ પારસમણીરે, વકીલ નવરોજી સી. આઇ. ઇ.
સખાવતી એ સૃષ્ટિમાંરે, અવિચળ કીરતી છવાઇરે. પુન્ય૦ ૧૭
સરદાર બાહાદુર શેઠજીરે, સર ચીનુભાઇ માધવલાલ;
સર નાઇટ મોટા સખાવતીરે, બાહોશ બુદ્ધિ વિશાળરે. પુન્ય૦ ૧૮
મશહુર મહીપતરામનારે, રાવસાહેબ રમણભાઇ;
લાલશંકર જજ જસવીરે, જેમણે વડી મેળવી વડાઇરે. પુન્ય૦ ૧૯
વકીલ જહાંગીરજીનાં પત્નીરે, સખાવતી સુનાબાઇ;
માન સરદાર રૂસ્તજી શેઠનારે, શોકમય હવાં સુખદાઇરે. પુન્ય૦ ૨૦
શોકજનક સાહેબો મીલનારે; હુનરી અકલબાજ;
મીલમાસતરો મોંઘો તણારે, હોફિસરો અકકલબાજરે. પુન્ય૦ ૨૧
તારાચંદ ઝવેરીના દીકરારે, મશહુર શેઠ મંગળદાસ;
કેસવલાલ ઉમાસાતણારે, શેઠ ચંદુલાલાના કુમારો ઉદાસરે. પુન્ય૦ ૨૨
શેઠ જમનાદાસ જસવીરે, મુનીમ મરતબાદાર,
શેઠ અંબાલાલની મીલનારે, અફસોસ હવા ઉદારરે. પુન્ય. ૨૩
ખેદજનક ખંભાતનારે, પ્રસિધ શેઠ પોપટભાઈ;
આત્મજ અમરચંદ શેઠનારે, દેહેરા દ્વારે સદકીતી છાઇરે. પુન્ય૦ ૨૪
દલગીર હવા બહું દીલમાંરે, શેઠ સાંકળચંદ મેહાલાલ;
શેઠ મંછારામના માનીતા, બાલાભાઇ બુદ્ધિવિશાલરે. પુન્ય ૨૫
માજી પ્રેસીડેન્ટ પુરનારે, કેશવલાલ હીરાલાલ;
અફસોસ મોટા અનુભવીરે, બાહોશ બુદ્ધિવિશાલરે. પુન્ય. ૨૬
હજુર ડેપ્યુટી ઉજળારે, ગોપાળશંકર ગમગીન;
અધિકારી અનુભવીરે, પ્રતાપી ગૃહસ્થ પ્રવીણરે. પુન્ય૦ ૨૭
બ્રહ્મક્ષત્રી ભડ ઉજળારે, તેજસ્વી ત્રીકલાલ;
માજી દીવાન મહા યશવીરે, મર્તબાદાર મરાલરે. પુન્ય. ૨૮

ઉદાસ હવા ઉરમાંરે, શેઠ મંગળ ગીરધરદાસ;
ઉભય મીલોના અધિપતી, સારી વર્તાો સુવાસ. પુન્ય૦ ૨૯
ચીફ હોદીસર ચિંતામણીરે, એક જનક હવા ભૂપ;
નર્મદાશંકર નિર્મળા, મ્યુનસીપલ મહેબુબરે. પુન્ય૦ ૩૦
હેલ્થ હોદીસર અફસોસી હવારે, દાના દીલના દેસાઇ;
કાસીભાઇ દફતરીયારે, જે સારી રાખી સુઘરાઇરે. પુન્ય૦ ૩૧
મેજીસ્ત્રેટો મહા યસ્વીરે, ઉદાસ હવા અમીર;
મેમ્બરો મ્યુનસીપલનારે, દાના ગૃહસ્થો દલગીરરે. પુન્ય૦ ૩૨
ઉદાસ હવા ઉર ક્ષત્રીરે, વીર વિઠ્ઠલદાસ;
અબીદાર ખાતા તણારે, તાજને રાખે તપાસરે. પુન્ય૦ ૩૩
કડુવા કુળે ઉજળારે, મેમ્બર શેઠ. સોમનાથ;
દલગીર હવા દાના ઘણારે, ઉદાર જેમનો હાથરે; પુન્ય૦ ૩૪
પુણ્યશાળી પરગજુરે, શેઠ ત્રીકમદાસ ગોપાળ;
દલગીર હવા દીલમાંરે, કરૂણા સિંધુ કૃપાળરે. પુન્ય૦ ૩૫
સુમાની સરદાર શેઠનારે, મુનીમ શેઠ દોલતચંદ;
પેઢી ચલાવે જે પ્રાક્રમીરે, હોંશીઆર અકલમંદરે. પુણ્ય૦ ૩૬
હોદીસર યશ્વી શેઠનારે, શેઠ ગોરધનભાઇ કહાનદાસ;
ઉભયનો સરદાર શેઠનેરે, વડેરો વિશ્વાસરે. પુણ્ય૦ ૩૭
પુજ્ય ગંગામાના મસ્તકેરે, દુઃખનાં ઉગ્યાં ઝાડ;
પુત્ર પુત્રીયોને ઘણાંરે, કોણ લડાવે લાડરે. પુણ્ય૦ ૩૮
પ્રતાપી પુત્રના શોકથીરે, માજીએ મુકયો અહાર;
ગુણી ગણીજીએ દીલાસીયાંરે, સદ્બોધ દઇને અપારરે. પુણ્ય૦ ૩૯
મોહિનાં શેઠાણી મહાશોકથીરે, મન વિશે મુંઝાય;
કુવા તે કેરી છાંયડીરે, કુવા માંહે સમાયરે. પુણ્ય૦ ૪૦
મરતાં મેળો ન હવોરે, જેથી ઝાઝો જીવ અકળાય;

કારીઘાવ લાગ્યો કલેજા વિશેરે, રૂઝવ્યો તે નહિ રૂઝાય. પુણ્ય. ૪૧
મણીભાઈશેઠ મહા શોકમાંરે, વડેરા જાતાં વીર;
ઘણું ગભરાયે મનમાંરે, હોંશિયાર મોટા અમીરરે. પુણ્ય૦ ૪૨
જસ્ત્રી જગાભાઈ શેઠનેરે, અફસોસની હતી અપાર;
ભડ ભ્રાત કેરા પ્રયાણથીરે, મુઝાય મન મોઝારરે. પુણ્ય૦ ૪૩
શેઠ ચમનલાલ ચીરંજીવીરે, અધિક કરે અફસોસ;
દીલાસે દીલ તેમનાંરે, ખરી રહે ન ખામોશરે. પુણ્ય૦ ૪૪
શોક કરે બહુ શેઠનોરે, શેઠ કસ્તુરભાઈ કુમાર;
લાડકવાયા લલુભાઈશેઠનેરે, અશ્રુ વહે ચોધારરે. પુણ્ય૦ ૪૫
સસરાજીના શોકથીરે, વહુવરોને ભોજાઈ;
કલ્પાંત કરતાં સૌ કારમુંરે, અતી ઉરે અકળાઈરે. પુણ્ય૦ ૪૬
શોક કરે પુજ્ય પીતા તણોરે, ચતુર પુત્રીઓ ચાર;
આંસુ સહુને આંખથીરે, શ્રવે શ્રાવણ ધારરે. પુણ્ય૦ ૪૭
આગળ રૂપૈયા ઉછળયારે, પાછળ લુંટાયું અન્ન;
પાલખી પાછળ ચાલતારે, શોકમય સર્વે જનરે. પુણ્ય૦ ૪૮
સર્વમાન્ય સરદારનારે, ગુમાસ્તાઓ ગમગીન;
શીપાઈ આરબ શેઠનારે, હતા શોક આધીનરે. પુણ્ય૦ ૪૯
મહેતા મોરઈયા ગામનારે, શોકજનક શંકરલાલ;
નવલ નાગર સાડોદરારે, બાહોશ બુદ્ધિવિશાળરે. પુણ્ય૦ ૫૦
હવાલદાર અફસોસમાંરે, પરદેશી રામપ્રસાદ;
મુખી મતાદાર ગામનારે, માની મન મર્યાદરે પુણ્ય૦ ૫૧

ઉદાશી દેખાવ.

"માત પિતા તમે સાંભળો." એ રાગ.

શેઠ વિના સુનાં ઘણાં, દીસે મંદીર માળ;
પરોપકારી આ પુર્તનો, ક્રૂર હવો કવાં કાળ. શેઠ૦ ટેક.
બાગ હવેલી બંગલા, અતિ સુના દેખાય;
સરદાર વિના સર્વને, ખુબ ખાવા ધાય શેઠ૦ ૧
દીવાનખાનું મહા દીપતું, અતિ તેજનો અંબાર;
હાંડી તકતા ઓપતા, ઝાંખા દીસે અપાર; શેઠ૦ ૨
વરશા સુની વિજુ વિના, સુર વિના જ્યમ મોર;
વંન ભયાનક ભમર વિના, ચંદ વિના ચકોર. શેઠ૦ ૩
જળાશય સુનું જળ વિના, ખંડેર ખગ વિણુ પાળ;
કોયલ વીણુ સુની ઘણી, જેવી આંબલીયા ડાળ; શેઠ૦ ૪
હાથી ઝુરે હાથી શેરીએ, ઘોડા ઝુરે ઘોડાર;
ગાયો ઝુરે ગઉશાળા, ભેંશો ભવન મોઝાર. શેઠ૦ ૫
સુર્ય જાણે સંતાઇ ગયો, હવો ઘોર અંધકાર;
ધર્મિ સ્થંભ ધસ્યો જવે, હવો આહારેકાર. શેઠ૦ ૬
વિરહે કરીને વનમાં, ઝુરતાં ઝાડો જણાય;
કુસુમો સૌ કરમાઈ ગયાં, અવળો વાયુરે વાય; શેઠ૦ ૭
વિહંગ પડ્યાં વડા શોકમાં, મધુરો કરે ન ઉચ્ચાર;
કૃજળ ચારો ચુગે નહિ, એવો ફેર્યો ફટકાર. શેઠ૦ ૮
ઉદાશી હદ એહદ હવી, મહિ મંડળ મોઝાર;
શિવલાલ કહે શું દાખવું, દુઃખી દીસે અપાર. શેઠ૦ ૯

ગુણ કથન.

પદ--રાગ ધોળ.

"કાયાનગર છે કારમું, જીવ જાગીને જોને." એ રાગ.

હીરો હડતાગો હિંદનો, સંઘ સમસ્ત કેરો;
સરદાર શેઠનો સૃષ્ટિમાં, મોટો મહિમા ઘણેરો. ટેક.
અતિશય જ્ઞાની કેસરી, શેઠ સદારે ચરણી;
જસ્તીએ જગમાં કરી, કાશી સમાન કરણી. હીરો૦ ૧
નિરાભિમાની નિર્મળા, પુણ્ય પ્રભા પ્રકાશી;
દેશ અરૂ વિદેશમાં, વિમળ કીર્તિ વિકાસી. હીરો૦ ૨
મુખ કમળસુ મલકતું, નેણાં નેહેજ ભરીયાં;
સુધા સમાં સુશોભતાં, વડાં વેણો ઉચરીયાં. હીરો૦ ૩
અફસોસ ઓછી ઉમરે, છટાદાર દેહ છોડી;
જગતીમાં જસ્તી શેઠની, જોતાં મળે ન જોડી. હીરો૦ ૪
લાખ દરજ્જે લાગણી, રાખી સંઘની સારી;
ધર્મદ્રષ્ટિ આ ધરા વિશે, ધવળ પદ્દી ધારી. હીરો૦ ૫
બુદ્ધિમાને બહુ તરેહ, અછી બીનાઓ આણી;
બીલો દ્વારે મોકળી, ચાલી રંકોની રોજી. હીરો૦ ૬
ગામધણીએ ગામોની, સારી સંભાળ રાખી;
દુકાળના દુષ્કર વખ્તમાં, પ્રજાપર પ્રિત દાખી. હીરો૦ ૭
આત્મજ અલખત જોઇને, હવા નહી અભિમાની;
મીલનસાર સ્વભાવના, શેઠ હુતા શાહજાની. હીરો૦ ૮
સમાન દ્રષ્ટે સૌ નિરખીયા, પરમ દાખી સુપ્રીતી;
અહોનીશ આનંદમાં, રૂડી રજવટ રીતી. હીરો૦ ૯
સરવ વાતે સરદારની, રીતી હુતીજ સાદી;

४०३७

દેશ અને વિદેશમાં, મેળવી મુબારકબાદી. હીરે० १०
પરોપકારી કામના, પુરા હુતાજ રાગી;
જેથી જસ્લીની જગતમાં, વીરહાકજ વાગી. હીરે० ११
સમસ્ત શહેરોના સંધમાં, પુરી પ્રસિદ્ધી પામ્યા;
વડીલો પીતાના સમા, જગમા યશ જામ્યા. હીરે० १२
ખુબી દર્શાવી ખલકમાં, ખુબ કીધી ખાનદાની;
અસીલ ખાનદાનની એમણે, રીતીયો રાખ જાણી. હીરે० १३
ઝાહેર જણાવી જકતમાં, ઉદારતા જોહોરી;
સારાં કામો કર્યાં સંઘનાં, ખુબ રાખી ખામોશી. હીરે० १४
ઓછાં માન ઓછાં વખાણો, ઘટે નહિ કહેવાં;
ઘણાં માન ઘણાં વખાણો, ઘટે ઘણુંકરી દેવાં. હીરે० १५
પુજ્ય પીતાનું નામ રાખવા, કીધી ધરમશાળા;
કરી કન્યાશાળા માતૃ નામની, ભણે જૈનોની બાળા. હી०
યથેચ્છ આ યશની તણી, વદી વાણી શિવરાજે;
લાયક શેઠ લાલભાઈને, ગણ્યા સંઘ સમાજે. હીરે० १७

જીવન ચરીત્ર. ગરબી.

"ઉધવ છે અળગીરે, વાત એક પ્રેમતણી." એ રાગ.

ગુમાવ્યો ગુર્જર સંઘેરે, લાલભાઈ શેઠ મોંઘો મણી;
જેમની ખોટ ખલકમાંરે, ઘણે દરજ્જે ઘણી. ગુમાવ્યો. ટેક
શેઠ સરદારે સંઘનાંરે, કામો ઉજવળ કર્યાં;
ઘણાં સ્તુતિપાત્રજરે, વિસાર્યે ન જાય વિસર્યાં. ગુમાવ્યો १
નવમી પેઢીએ નગરશેઠનીરે, દરસાયો કુળ દીવો;
ચમનભાઈ કસ્તુરભાઈરે, લલુભાઈ જુગ જીવો. ગુમાવ્યો. २
મણી જેવા મણીભાઈરે, જગાભાઈ જુગ બંધુ;
ગામ મીલોજ કેરૂંરે; કામ કરે સંધુ. ગુમાવ્યો. ३

મીલના ઉદ્યોગમાંરે, ખંત ખરી રાખી:
જૈન કોમની સેવામાંરે, પુરી પ્રીતી દાખી. ગુમાવ્યો. ૪
શ્વેતાંબરી કોન્ફરન્સનારે, જનરલ હુતા સેક્રટરી;
તે ઓદ્ધાપર તેમણેરે, વિમળ યસ કીરતી વરી. ગુમાવ્યો. ૫
શેઠ આણંદજીની પેઢીનારે, ટરસ્ટીયોના પ્રમુખ થયા;
ભરી રકમો ફંડોમાંરે દીલેસુ આપી દયા. ગુમાવ્યો. ૬
સમેતશીખરના ડેપ્યુટેશનમાંરે, ભાગ્યા ન ભયે કરી;
રહ્યા સર્વની સાથેરે, અચ્છી હીમત ધરી. ગુમાવ્યો. ૭
શીધાચળના સંઘનોરે, માથા વેરો કઢાવી;
સૌ જાત્રાળુ જનોનેરે, આનંદ લહેરો ઉપજાવી. ગુમાવ્યા. ૮
પાંચમી કોન્ફરન્સમાંરે, જરસીએ જાહેર કર્યું;
મોટી રકમ ખરચવારે, દૈયા વિશે આદર્યું. ગુમાવ્યા. ૯
માતુ સ્મરણ માટેરે, કન્યાશાળા બંધાવી;
જાની ગંગા માતાનેરે, પરમ પ્રીતી દરસાવી. ગુમાવ્યા. ૧૦
ઓસવાળ યસીઓનેરે, ગજબ ઉપજી ગલાની;
હરેક કામોમાં કરતારે, હોશેથી આગેવાની. ગુમાવ્યા. ૧૧
શેઠ સારાભાઈ કેરે, સેનાર ફંડ ચલાવતા;
વિદ્યોતેજક ફંડમાંરે, ધ્વજા પદ ધરાવતા. ગુમાવ્યો. ૧૨

રાગ પદ.

"બદ્રીપતીનાથનું લેને શરણુંરે." એ રાગ

સરદારશેઠ ગયા ગુણકારીરે, વિમળ કીરતી વિશ્વમાં વિસ્તારી.
સરદારશેઠ૦ ટેક.
પરોપકારી સુપ્રભા પ્રકાશીરે, દરશન કીધે દુર થાય ઉદાશીરે;
કરી કરણી સુકેવળ કાશી. સરદાર૦ ૧
મુખ મુદ્રા શોભતી સારીરે, નેનસરોજ નેહ ભર્યા વારીરે;

આની અણીઆળાં શીતળકારી, સરદાર૦ ૨
મૃદુ હાસ્ય અધર માંહે કરતા, સુધા સમાન સુબોલા ઉચરતારે;
હરેક જનોના સંશયો હરતા. સરદાર૦ ૩
ઇલકાબ ની અહંતા લાવીરે, કોપ બુદ્ધિ કદી ન દરશાવી;
મોલો પેઢીની મહતા શોભાવી. સરદાર૦ ૪
સદા સદાચરણથી ચાલીરે, કુળકેરી મર્યાદા સંભાળીરે;
માતાની આજ્ઞાઓ પાળી. સરદાર૦ ૫
ભુંડું વેણ કદી નહી ભાખ્યુંરે, દેવ સમાન દૈવત દાખ્યુંરે;
પરીયા કેરૂં પણુજ રાખ્યું. સરદાર૦ ૬
કદી વિચર્યા ન વાંકી વાટરે, મૃષા બોલ્યા નહી શીર સાટેરે;
માયા કેરા લોભને માટ. સરદાર૦ ૭
નિરવ્યસની ને નિરવિકારીરે, જૈન શાસ્ત્રોના હતા વિહારીરે;
શુદ્ધ બુદ્ધિના શુદ્ધ વિચારી. સરદાર૦ ૮
તજી મોહ મચ્છર અહંકારારે, જુદા જાણી આ જગપસારારે;
શિવરાજ કહે સુમીલનહારા. સરદાર૦ ૯

ગઝલ, રાગ ભૈરવી.

"ચંદ્રમુખીને એકલી, છોડીને આવ્યો અહી." એ રાહ.
અફસોસ ઓછી ઉમરે, સરદાર શેઠ સીધાવિયા;
જનાએ જૈનસમાજમાં, દાના વિચાર દર્શાવિયા. ટેક. અફ૦ ૧
ઝળકતા મહા જળહળી, સુર્ય જેવા સૃષ્ટિમાં;
આવે નહી હવે ફરી, દાના દયાળ દૃષ્ટિમાં. અફ૦ ૨
મોહ મચ્છર માયા તજી, ભજી ભાવે ભગવાનને;
સુમાની થઇ સંચર્યા, ઓળખી લઇ અવશાનને. અફ૦ ૩
સાબાશી સારી, મેળવી, સુશોભતી સતશંઘમાં;
પ્રેસીડેન્ટપદ ધારી અરે, અહંતા આણી નહિ અંગમાં. અ૦ ૪

શીવરાજ કહે બહુ શોધતાં, મનોહર મુરતી નહિ મળે;
જેથી જૈનસમુદાયનાં, બાળકાબંધ આંસુ ના ખળે. અ૬૦ ૫

"કયા ઈસ્કેપરીને મારા, મુંઝે છોડ ચલા બનજારા." એ રાગ.

ગયા સુમાની સરદાર સારા, પ્રૌઢ પરોપકાર કરનારા. ટેક.
વિદ્વ વદન વિશ્વમાં વિકારી, વરી શંઘમાં સારી સાબાશીરે;
સદા ધર્મબુદ્ધિ ધરનારા. ગયા સુમાની સરદાર સારા. ૧
વિમળ વદન કમળના જેવું, મંદ હાસ્ય અધરમાં એવુંરે;
સ્વભાવે સુશીલનહારા. ગયા૦ ૨
સદા નેન સુશીતળકારી, શરમ હજુર શુદ્ધ વિચારી;
ધવળ કીરતિ ધીમંત ધરનારા. ગયા૦ ૩
મંગળમય મનોહર મુરતી, સદા શ્રીપ્રભુમાં રાખી સુરતી;
જીન પ્રભુજીને જપનારા. ગયા૦ ૩
મૃદુ વેણ અમૃતમય એવાં, કોમળ લાગે કાનને તેવાં;
જેવી જાન્હવીની જળધારા. ગયા૦ ૪
સહુને સારી સલાહ બતાવી, મોટા ટંટા દીધા પતાવી;
નિરાપક્ષ બહાદુર બોલનારા. ગયા૦ ૫
મૃષા વચન મુખ નથી ભાખ્યું, કટુ વચન કાઢી ન નાંખ્યું;
વડાં વિવેકી વેણ વદનારા. ગયા૦ ૬
વડા વૈભવનો તોર લાવી, દુષ્ટ બુદ્ધિ નહિ દર્શાવી;
સહુને સારી શીખ દેનારા. ગયા૦ ૮
નામ ધરવાનું પણ રાખ્યું, દુનિયા વિશે હૈવત દાખ્યું;
વડા ઇલકાબો વરનારા. ગયા૦ ૯
મોટી કીધી સૌની મેમાની, ખુબ દરશાવી ખાનદાની;
બહુ ખમાવટ ખમનારા. ગયા૦ ૧૦
સદા રાખી સુનિરમળ નીતિ, કુટુંબ પરિવાર સાથે સુપ્રીતી;

વડો વળો વૈભવે ચલાવનારા. ગયા૦ ૧૧.
મોહ મત્સર મમતા ત્યાગી, ભુમંડળે હવા ભવ્ય ભાગી;
હ્રદયે હરેકનું હિત ચાહાનારા ગયા૦ ૧૧
જગમાં જીવનનું સાર્થક જેહ, કીધાં પુન્ય પ્રભુ સેવા તેહ;
વડી કીર્તિ વિશ્વમાં વરનારા. ગયા૦ ૧૨.
ઇનાયત હવા ઉંચા ઇલકાબ, જાગી જાજુગ્માન જનાબ;
ગણ્યા ગવરનરે ગુણકારા. ગયા૦ ૧૩.
કીધી કૃપાળે કન્યાશાળા, કેળવણી લે ત્યાં બહુ બાળા;
ઘણું દરજ્જે ગૃહસ્થ ગુણકારા. ગયા૦ ૧૪
લાયક લાલભાઇ શેઠના જેવા, ઓછા હોશે આલમમાં એવા;
કહે શિવલાલ સુગંધ વરનારા, ગયા૦ ૧૫.

મનહર છંદ.

સુરા શેઠ લાલભાઇ, છટાદાર કીર્તિ છાઇ;
વંડેરી વર્યા વડાઇ, શ્રાવકના સંઘમાં.
ચુટણી કરે અમીર, કોન્ફરન્સી વડા વીર;
ધર્મધુરંધર ધીર, ધર્મના પ્રસંગમાં.
સખાવતો કીધી સારી, આલમને હિતકારી;
સદગુણી સદાચારી, ધીમંતોના ઢંગમાં.
કહે કવિ શિવરાજ, ઉદાર અક્કલબાજ;
સુધાર્યા જ સંઘ કાજ, ઉરના ઉછરંગમાં. ૧

इश्वर इच्छा.

"કારતકે ચિત્ત ચેત્યો નહિ, ઘડી લાખેણી જાય;
વળતી વિચારીશ જીવડા, પછી કયાં પસ્તાય" એ રાહ.
શ્રી હરીને આ શું ગમ્યું, તમને તેડીરે પાસ;

સગાં કુટુંબી સર્વનાં, ઉર હવાંરે ઉદાશ. શ્રી હરી. ટેક.
જરૂર શી જગપતિને પડી, ઘણી તમારી ત્યાંય;
લાખોનાં દીલ દુઃખાવીયાં, શું વિચારી મનમાંય. શ્રી૦ ૧
મધ્યમ આયુષ્ય માણીને, ઓગણપચાસમે વર્ષ;
સાગાશી સારી મેળવી, શું ધયારે આદર્શ. શ્રી૦ ૨
ગેબી અવાજે ગાજીયા, પરમપ્રભૂ પુન્યશ્લોક;
"જે કરવાને સામર્થ નહી, તેના ધરવો ન શોક" શ્રી૦ ૩
કાયા પીંડ પરપોટડો, ઉપજ્યો ને અળપાય;
ખલકા ભેળા ખપી ગયો, ભાવી હોય તે થાય. શ્રી૦ ૪
માટે શોક કરવો ઘટે નહિ, જેનો નહિ ઉપાય;
સમરણ કરવું શ્રીપ્રભુનું, જેથી માયા મુકાય. શ્રી૦ ૫
ભાટાઇમાં ભાખ્યું નથી, આ વિરહ ચરિત્ર;
સર્વોપરી એ સ્વભાવના, થયા પરમ પવિત્ર. શ્રી૦ ૬
મારા ખરા દીલની દીલગરી, જાહેર કરવાને કાજ;
રંચ બીના જેથી રચી, સુણો શ્રીમંત સમાજ. શ્રી૦ ૭
અસહ્ય દુઃખ આવી પડયું, ખાનદાન કુટુંબને શીર;
ભાગ લેવો એમાં ઘટે, એમ વિચારી વીર. શ્રી૦ ૮
જુગ હાથ જોડી વિનવું, પુજી પ્રભુના પાય;
સુખ ઉપજાવો સૃષ્ટિને, આવું અણઘટતું ન થાય. શ્રી૦
ઝાળ ઝંપાવો શ્રી જગપતિ, આપો સરવેને સુખ;
સગાં કુટુંબી સર્વનાં, દારૂણ કાપો સૌ દુઃખ. શ્રી૦
સરદાર જેવી સુઉજળી, કરો કીરતી પ્રકાશ;
ચમનભાઇ કસ્તુરભાઈ લલુભાઈ, સારી વરો સાબાશ. શ્રી૦ ૧૧
અચળ સુખ હરિ આપજો, લાલભાઇ શેઠને બહુ;
શાવલાલ કહે સ્વર્ગલોકમાં કીરતાર કરગરી કહું. શ્રી૦ ૧૨

॥ ॐ शान्ती शन्ती ॥

ગરબી.—'મેલો મોહન મારીમાટલી, એ ર

લાયક "લાલભાઇ શેઠનો, મહા મોટો મહિમાય;
સભા માંહે સરદારનો, વડ દરજે વરણાય. લાયક. ટેક.
ભાવણ સારાં ભણ્યારે, શેઠ મોહનલાલ;
હીરાચંદ કકલભાઇ ઉચર્યા, બાહોશ બુદ્ધિ વિશાલ. લાય
ગુર્જર ગૃહસ્થને કચ્છીમાંરે, પ્રેમની લાગણી પુર;
કરાવી બુદ્ધિસાગર બોલીયા, શ્રીમાન ગણીજી સુર. લાયક.
જૈન સમાચારના અધિપતી, વધા વાડીલાલભાઇ;
વ્યવસાહીને સમાન ભાવથીરે, ભડ મેળવી ભલાઇ.લાયક
શંકરલાલે સભા વિશેરે, સારી કવિતા ગાઇ;
સરદાર શેઠનાં સુકૃતની, સરજ્યા સારા સુખદાઇ. લાયક. ૪
જોડી મળે નહિ જેમનીરે, શોકજનક શિવરાજ;
ચમનભાઇ વગેરે પિતા સમા, ચાર્યા અકકલ બાજ. લાયક. ૫
શ્રવણ જેવી શુદ્ધ ભાવથીરે, કીધી ભક્તિ જરૂર;
માતબર શેઠે વૃદ્ધ માતની, હર્ષ આણી જ ઉર. લાયક. ૬
પરવાનગી લેઇ પરવરેરે, શેઠ વિદેશ મોઝાર;
આવતાં વાંત પાયે પડી, જસ્ત્રી કરે જુહાર. લાયક.
માતુ આજ્ઞાએ ગયારે, સમેતશીખરે શેઠ;
વિશેષ વાગ્યું તોયે રહ્યા, સહુની સાથેજ ઠેઠ. લાયક
ફતેહમંદ થઇ આવિયારે, કરી કીરતિ શ્વેત;
જેથી જનેતાને ઉપજ્યું, હૈયા વિશેજ હેત. લાય. ૯
જેઠ વદી પંચમીરે, ઓગણીસેં અડસઠની સાલ;
ધરમી થંભ ધસવા થકી, હવી વિશ્વ માંહે વિકરાળ. લાયક.
શેઠ સમાવો સર્વનોરે, કોટી બ્રહ્માંડના નાથ.
શિવલાલ "શિર" નામી કહે, સુખી કરો સહુ સાથ. લાયક